# <u>માનવ ગરીમા યોજના અંગે વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQS)</u>

(૧) આ યોજનાનો લાભ કોને મળે ?
સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ, લઘુમતી અને વિચરતી અને વિમુક્ત જાતિના ઇસમોને આ યોજનાનો લાભ આપવામાં આવે છે.

(૨) આ યોજનાનો લાભ લેવા માટે શું કરવું ?
આ યોજનાનો લાભ લેવા માટે "ઈ-સમાજ કલ્યાણ" પોર્ટલ પર જઈને માનવ ગરીમા યોજનાનું Online ફોર્મ ભરવાનું રહે અને તેમાં જણાવેલ આધાર પુરાવા રજુ કરવાના રહે છે.

(૩) આ યોજનાનો લાભ લેવા માટે આવક મર્યાદા કેટલી છે ?
હાલમાં વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. ૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂ. ૧,૫૦,૦૦૦/- છે.

(૪) આ યોજના હેઠળ કેટલી રકમની ટુલ કીટ્સ મળે ?
હાલમાં માનવ ગરીમા યોજના અંતર્ગત રૂ.૨૫,૦૦૦ની મર્યાદામાં ટુલ કીટ્સ આપવામાં આવે છે.

(૫) આ યોજના હેઠળ સહાય કઈ રીતે મળે ?
લાભાર્થીએ ઓનલાઇન અરજીમાં પસંદ કરેલ વ્યવસાયની ટુલ કીટ્સ આપવામાં આવે છે.

(૬) નાણાકીય વર્ષમાં એકવાર લાભ મળ્યા પછી બીજા વર્ષે ફરી આ યોજનામાં લાભ મળે ?
ના, એકવાર લાભ મળ્યા પછી બીજીવાર લાભ મળવાપાત્ર નથી.

(૭) વ્યવસાય લક્ષી તાલીમ લીધેલી હોય તો તેનો પુરાવો રજૂ કરવાનો થાય ?
હા, અનુભવનું પ્રમાણપત્ર ઓનલાઇન અપલોડ કરવાનું રહેશે.

(૮) આ યોજના હેઠળ કુટુંબના કેટલા વ્યક્તિને લાભ મળે ?
આ યોજના હેઠળ કુટુંબમાંથી ફક્ત એક જ વ્યક્તિને લાભ મળવાપાત્ર છે.